# માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર (આઈસીએઆર), આ.કૃ.યુ., આણંદ દ્વારા

# શિડ્યુલ કાસ્ટ સબ-પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તથા કીટ વિતરણનું આયોજન

---

માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા સોમવાર, તા.૨૮.૦૩.૨૨ના રોજ આણંદ કેમ્પસ ખાતે શિડ્યુલ કાસ્ટ સબ-પ્લાન યોજના અંતર્ગત અનુસુચિત જાતિના ખેડૂતો માટે "ગૌણ તથા સૂક્ષ્મતત્વોનું ખેતીમાં મહત્વ" વિષય પર "ખેડૂત શિબિર"નું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂત મિત્રો, વિદ્યાર્થીઓ તથા વૈજ્ઞાનિકો મળી કુલ ૮૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

સદર ખેડૂત શિબિરમાં માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટરના વડાશ્રી ડૉ. કે. સી. પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. આ પ્રસંગે માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાએ ઉપસ્થિત સર્વેને જમીન-છોડ-મનુષ્યમાં માઈક્રોન્યૂટ્રિયન્ટની જરૂરિયાત, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ અદ્યતન સંશોધિત ટેક્નોલોજીનો બહોળો ઉપયોગ કરવા માટે તેમજ ખેતી વિષયક સ્કીલ કેળવવા માટે પ્રોત્સાહિત કરેલ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સંશોધન નિયામક અને વિદ્યાશાખાઅધ્યક્ષશ્રી, ડૉ. એમ. કે. ઝાલા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ. બી. પટેલ અને બં. અ. કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી, ડૉ. વાય. એમ. શુક્લએ હાજર રહી માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતું. ડૉ. એમ. કે. ઝાલાએ માઈક્રોન્યૂટ્રિયન્ટનું માનવ સમૂદાયમાં મહત્વ, જમીનમાં માઈક્રોન્યૂટ્રિયન્ટની વધતી જતી ઊણપ અને ખાતરના યોગ્ય અને સંતુલિત વ્યવસ્થાપન વિશે માહિતી આપી હતી. તદ્ઉપરાંત, ડૉ. એચ. બી. પટેલ દ્વારા જમીનના પૃથક્કરણ અને ગૌણ તથા સૂક્ષ્મતત્વોના ખેતીમાં મહત્વ વિશે માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં અનુસુચિત જાતિના ખેડૂતોને પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત ખેતી વિષયક વિવિધ વસ્તુઓ જેમ કે બેટરી તથા હાથ સંચાલિત પંપ, એન.પી.કે. બાયોકન્સોર્ટિયમ જૈવિક પ્રવાહી, સરકાર માન્ય મલ્ટી- માઈક્રોન્યૂટ્રિયન્ટ મિક્ષર ગ્રેડ-૫ ખાતર, સલ્ફરયુક્ત ખાતર, જંતુનાશક દવા અને માઈક્રોન્યૂટ્રિયન્ટ પુસ્તક અને પોકેટ ડાયરીનું કીટ તરીકે વિતરણ કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ




ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોનું ખેતીમાં મહત્વ


ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોનું ખેતીમાં મહત્વ




LABORATORY FOR MICRONUTRIENTS, SOIL AND WATER TESTING

